# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 03-04-2024 બપોરે : 2.30 થી 2.35pm

વાર : બુધવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

**RS-OATH**

રાજયના ગોવિંદભાઈ ધોળકિયા સહિતના દેશના વિવિધ રાજયોમાંથી નવા ચૂંટાયેલા 11 સભ્યોએ આજે રાજયસભાના સભ્ય તરીકે શપથ લીધા છે.

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે સંસદ ભવનમાં તેમને શપથ લેવડાવ્યા હતા. આ સભ્યોમાં કેન્દ્રિય મંત્રી એલ.મુરૂગન ઉપરાંત બિહારના પ્રોફેસર મનોજ ઝા, ધર્મશિલા ગુપ્તા અને સંજય યાદવ, હિમાચલ પ્રદેશના હર્ષ મહાજન, હરિયાણાના સુભાષ ચંદર, મહારાષ્ટ્રના મેધા કુલકર્ણી અને ચંદ્રકાંત હંડોર, કર્ણાટકના જીસી ચંદ્રશેખર, ઉત્તર પ્રદેશના સાધના સિંહ અને મધ્યપ્રદેશના અશોક સિંહે શપથ લીધા હતા.

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહ સહિત રાજ્યસભાના 56 સભ્યો આ અઠવાડિયે ઉપલા ગૃહમાંથી નિવૃત્ત થયા છે.

## **Election General**-1

રાજયમાં લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

મહીસાગર જીલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોના વેપારીઓના સંગઠન તથા જિલ્લાની ગેસ એજન્સીઓના સંગઠન વચ્ચે મતદાન જાગૃતિ માટેના કરાર કરવામાં આવ્યા છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર દ્વારા મહીસાગર જિલ્લાની સંસ્થાની વાજબી ભાવની દુકાનોના કર્મચારીઓ તથા ગ્રાહકોનું મતદાર યાદીમાં ૧૦૦% રજીસ્ટ્રેશન તથા કર્મચારીઓ અને ગ્રાહકોને મતદાન કરવા માટે પ્રેરિત કરવા મતદાર જાગૃતિમાં સહભાગી થવા કરાર કરવામાં આવ્યા.

આ પ્રસંગે જિલ્લા કલેકટરે આ સંગઠનોને લોકસભા ચુંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટેની જનજાગૃતિની પહેલને બિરદાવી અભિનંદન પાઠવ્યાં હતાં.

વલસાડ જિલ્લામાં આજે મતદાન જાગૃતિ અંતર્ગત જૂદાજુદા કાર્યક્રમ યોજવામા આવ્યા હતા. જેમા દરેક જાહેર સ્થળો ઉપર મતદાન જાગૃતિ અંગે રંગોળી બનાવવામા આવી હતી.

તમામ પ્રાથમિક, માધ્યમિક, I.T.I., કોલેજો વગેરે સંસ્થાઓમા “મતદાનનું મહત્વ” વિષય પર નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

તાપીના ઉચ્છલ તાલુકાના નારણપુર ખાતે જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને મહિલા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ વધે તે માટે કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં આંગણવાડી વર્કર, આશા વર્કર, સખીમંડળના બહેનો, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, બી.આર.સી, બીએલઓઓ, સુપરવાઇઝર, હાજર રહી વોટર સિગ્નેચર કેમ્પેન યોજી વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદાર જાગૃતિ અંગે પ્રતિજ્ઞા તથા સહપરિવાર મતદાન અંગેનો સંકલ્પ લીધો હતો.

સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ આદિજાતિ વિસ્તાર વિજયનગર તાલુકાના કોડીયાવાડા ગામ ખાતે મતદાન જાગૃતિ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓમાં રંગોળી, વક્તૃત્વ સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ કરાઈ.

આ સાથે શિક્ષકો દ્વારા ગ્રામજનોને જાગૃત કરવા માટે દુકાનો અને આસપાસના વિસ્તારના લોકો સાથે મતદાન અવશ્ય કરવા માટે સિગ્નેચર કેમ્પેનિંગ કરાયું હતું. આ સાથે સાબરકાંઠાની શાન ગણાતા ઈડરીયા ગઢ પર મતદારોને મતદાન માટે જાગૃત કરવા અને પ્રેરિત કરવા માટે વોટ ફોર ઇન્ડિયા, સાબરને સંગ મતદારનો ઉમંગ, જેવા પ્રેરણા આપતા સુવાક્યો દ્વારા આગામી 7મી મે ના દિવસે મોટી સંખ્યામાં મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરવા અપીલ કરાઇ હતી.

અમરેલી જીલ્લામાં મતદાન જાગૃતિ અંતર્ગત બાઇકરેલી યોજાઇ હતી. અને મતદાનનો સંદેશો આપવામાં આવ્યો હતો. અમરેલી શહેરની શાળાના શિક્ષકો દ્વારા

બાઇકરેલી યોજાઇ હતી. જે શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. આ રેલીમાં જીલ્લા ચૂંટણીઅધિકારી, જીલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ પણ જોડાયા હતા.

મહેસાણા જીલ્લામાં યોજાયેલી ચુનાવ પાઠશાળામાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ આંગણવાડીમાં ચૂંટણીમાં મતદાન કરવાની પ્રક્રિયા શીખવવામાં આવી રહી છે. આ સાથે જીલ્લાના 79 મતદાન મથકોમાં વિશેષ મહિલા મતદાર જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે.

## A check post on the border of Maharashtra state

ડાંગ જિલ્લાના ચૂંટણી તંત્રએ ૧૩ જેટલી ચેકપોસ્ટ શરૂ કરી છે. લોકસભાની સામાન્ય ચૂંટણી ન્યાયી, પારદર્શક, અને તટસ્થ રીતે યોજાય તે હેતુથી આ ચેકપોસ્ટ શરૂ કરવામાં આવી છે.

ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ મહારાષ્ટ્ર રાજ્યને અડીને આવેલી સરહદ પર, દસ જેટલી ચેકપોસ્ટ કાર્યરત કરવાની સાથે, ત્રણ જેટલી આંતર ડિસ્ટ્રિક્ટ ચેકપોસ્ટ પણ કાર્યાવિન્ત કરી ચૂંટણીલક્ષી ચેંકિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ઉલેખનિય છે કે, ડાંગ જિલ્લો ત્રણ તરફ મહારાષ્ટ્ર રાજ્યની હદ સાથે જોડાયેલો છે.

આ ઉપરાંત ડાંગ જિલ્લાને અડીને આવેલા પાડોશી તાપી જિલ્લાની સરહદે ભેંસકાતરી અને બરડીપાડા ચેકપોસ્ટ, તથા નવસારી જિલ્લાની સરહદે વઘઇ ચેકપોસ્ટ પર પણ પોલીસ ચેકીંગની કામગીરી શરૂ કરવામાં આવી છે.

## Adoption Appeal for Thalassemia Patients

ભાવનગર બલ્ડબેંક દ્વારા થેલેસેમિયાના બાળ દર્દીઓને દત્તક લેવાની યોજના અમલી કરાઈ છે. એક વર્ષ માટે 10,000 રૂપિયા એક બાળક દીઠ સંસ્થા દ્વારા ડોનેશન સ્વીકારવામાં આવે છે. છેલ્લા નવ વર્ષ દરમિયાન આશરે ૩ હજાર ૭૦૭

કેમ્પ દ્વારા ભાવનગર બ્લડ બેન્કએ ૧ લાખ ૪ હજાર ૩૪૫ યુનિટ રકતનુ સિંચન કરી આશરે ૨૨૫ થેલેસેમિયાગ્રસ્ત બાળકોને નિઃશુલ્ક આપ્યું છે.

## Unjha Marketyard-Mehsana

મહેસાણાના ઊંઝા માર્કેટયાર્ડમાં જીરું, વરિયાળી. ઇસબગુલ અને અજમા જેવા મસાલા પાકોની આવક થઈ રહી છે. જીરાની 40 હજાર બોરીની આવક થઇ હતી. જેનો 4400 થી 4500 રૂપિયા ભાવ રહ્યો હતો. આ સાથે 26 હજાર બોરી વરિયાળીની આવક થઈ જેનો ભાવ 1500 થી 1600 વરિયાળીની આવક રહ્યો હતો. જયારે ઇસબગુલની 12 હજાર બોરીની આવક થઇ હતી. જેનો 2900 થી લઈ ને 3000 રૂપિયા સુધીના ભાવ રહ્યા હતા.

## Chaitri Navratri in Bahucharaji

મહેસાણા જિલ્લા ના બહુચરાજી ના બહુચર મદિર માં 9 મી એપ્રિલ થી 18 મી એપ્રિલ દરમિયાન ચૈત્રી નવરાત્રી મહોત્સવ યોજાશે. 8 મી એપ્રિલે પ્રક્ષાલન વિધી, 9 મી એ ઘટ સ્થાપન વિધિ થશે. 14 મી એપ્રિલે શતચંડી યજ્ઞનો પ્રારંભ થશે. 16મી એપ્રિલે યજ્ઞની પુર્ણાહુતી થશે. 23 મી એપ્રિલે પૂનમે માતાજી ની સવારી શંખલપુર જશે.

## Help Center

ધોરણ 12 પછીના સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કોમન એડમિશન પોર્ટલ પર નોંધણી માટે 471 હેલ્પ સેન્ટરો જાહેર કરાયા છે.

ઉલ્લેખનીય છે કે, એડમિશન પોર્ટલ પર 471 કોલેજોમાં શરૂ કરાયેલા હેલ્પ સેન્ટરોની યાદી જાહેર કરાઈ છે. આ હેલ્પ સેન્ટરમાં વિદ્યાર્થી નોંધણી પણ કરાવી શકશે તથા ડોક્યુમેન્ટ વેરીફિકેશન પણ કરાવી શકશે. વિદ્યાર્થીને નોંધણી સંબંધી કોઈ પણ મુશ્કેલી હોય તો હેલ્પ સેન્ટરમાં જઈ શકશે. જાહેર કરાયેલી યાદી મુજબ અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ 71 હેલ્પ સેન્ટરોની સુવિધા ઊભી કરાઈ છે.

દરમિયાન, કોમન એડમિશન પોર્ટલ પર ગઇકાલે વધુ બે હજાર જેટલા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવતા અત્યાર સુધીમાં 4500 જેટલા વિદ્યાર્થીઓનું યુજી કોર્સીસમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન થયું છે.